ગાંધીનગર સમાચાર
તા. ૧-૪-૨૦૧૪, મંગળવાર

તંત્રી સ્થાનેથી....

સુપ્રીમનો માનવતાવાદી અભિગમ

સર્વોચ્ચ અદાલતે ખાલિસ્તાની આતંકવાદી ભુલ્લરને કરાયેલ ફાંસીની સજા જન્મટીપમાં ફેરવવાનો નિર્ણય લઈ ન્યાયતંત્રની સમયોચિત લવચીકતાનું પ્રમાણ પેશ કર્યું છે. ન્યાયતંત્ર એના પોતાના છેલ્લા ચુકાદાને પણ વાજબી કારણો લાગતાં ફેરવી શકે છે, તેનો આ ઐતિહાસિક નમૂનો બની રહેશે. ખાલિસ્તાન લિબરેશન ફોર્સના નામે ઈન્દિરા ગાંધીના શાસનકાળમાં આરંભાયેલી ચળવળના ધુરંધર નેતા સંત ભિંડરાંવાલે સહિત અમૃતસરના હરમિંદર સાહેબ (સુવર્ણ મંદિર)માં આશ્રય લઈ રહેલા અસંખ્ય આતંકવાદીઓનો ખાત્મો કરાયો, તે બાબત શીખોને મન એમના સ્વમાન ઉપરનો સૌથી મોટા ઘા હતો. ત્યાર પછી શીખોનો બહુ મોટો વર્ગ સતત કૉંગ્રેસની વિરુદ્ધ રહેતો આવ્યો છે. સુવર્ણ મંદિર ઉપરના સરકારી હુમલાનો બદલો લેવાનું કાવતરું ઘડાયું હતું અને ઈન્દિરા ગાંધી એમના પોતાના જ અંગરક્ષકોની ગોળીઓનો શિકાર બન્યાં હતાં. આટલું ઓછું હોય એમ કૉંગ્રેસના અગ્રણી અને પંજાબના મુખ્યમંત્રી બિયંતસિંહની પણ ઘોળે દિવસે ચંડીગઢ ખાતે સચિવાલયના પ્રાંગણમાં જ હત્યા કરાઈ હતી. આ હત્યાનો સૂત્રધાર દેવિન્દર પાલસિંહ ભુલ્લર ૧૯૯૩માં દિલ્હી ખાતે થયેલ બોમ્બ ધડાકાઓમાં પણ સંડોવાયેલો હતો. આ બોમ્બ ધડાકાઓથી ઈજાગ્રસ્ત બનેલા તત્કાલીન યુવા કૉંગ્રેસ અગ્રણી મનજિતસિંહ બિટ્ટા હંમેશને માટે અપંગ બની ગયા હતા. નીચલી કોર્ટે ભુલ્લરને ફાંસીની સજા ફરમાવી હતી જે હાઈકોર્ટે અને સુપ્રીમ કોર્ટે માન્ય રાખી હતી. પરંતુ તે પછી ભારતીય નાગરિકને મળેલ જીવનરક્ષાના છેલ્લા ઉપાય લેખે ભુલ્લરે રાષ્ટ્રપતિને કરેલી દયાની અરજીનો ઘણા લાંબા વખત પછી ૨૦૧૧માં ઉકેલ આવ્યો હતો. રાષ્ટ્રપતિએ ગૃહખાતાની સલાહ મુજબ દયાની અરજી નકારી કાઢયા પછી પણ એક યા બીજા કારણસર આ મુદ્દે ઠાગાઠૈયા ચાલતા રહ્યા હતા અને ભુલ્લર માટે એ એકેએક ક્ષણ મૃત્યુ સમાન પીડાદાયક બની રહી હતી. ભુલ્લરે માનસિક સંતુલન ગુમાવી દીધું હતું. એને માટે મૃત્યુ કદાચ પીડામાંથી મુક્ત થવાનો શ્રેષ્ઠ ઉપાય હતો.પરંતુ ન્યાયપાલિકાએ દયાની અરજીનો જવાબ વાળવામાં સરકાર દ્વારા કરાયેલા અક્ષમ્ય વિલંબને પગલે એક નવતર માનવતાવાદી અભિગમ અપનાવવાનો નિર્ણય કર્યો હતો જેની ફલશ્રુતિ લેખે ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીના હત્યારાઓનો મૃત્યુદંડની સજા પણ આજીવન કારાવાસમાં ફેરવી દેવાઈ હતી. ભુલ્લરની મોતની સજા રદ કરવા પંજાબની વિધાનસભાએ ઠરાવ પસાર કર્યો હતો, અને માનવતાના ધોરણે તેમ જ શીખ-બંધુત્વના નાતે એમનો કેસ લડનારા પ્રખ્યાત ધારાશાસ્ત્રી કેટીએસ તુલસીએ ભુલ્લરની માનસિક સ્થિતિ કથળી ગયેલ હોઈ એને ફાંસીની સજા થઈ જ ન શકે એવી દલીલો કરી હતી. માનનીય સર્વોચ્ચ અદાલતે આ બેઉ મુદ્દાઓ ધ્યાને લઈ કેન્દ્ર સરકારનું વલણ જાણવા કોશિશ કરી હતી. ભુલ્લર એટલો નસીબદાર છે કે એની ફાંસીની સજા રદ કરવી કે કેમ, એ મુદ્દે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારનો અભિપ્રાય બરાબર ચૂંટણીના સમયે જ પૂછ્યો હતો. શીખોને નારાજ કરવાનું કૉંગ્રેસના નેતૃત્વવાળી યુપીએ-૨ સરકારને પોસાય એમ નથી. સરદાર મનમોહનસિંહ જ્યારે દસ વર્ષ સુધી વડાપ્રધાનપદ ભોગવીને નિવૃત થઈ રહ્યા છે ત્યારે અને અમૃતસરમાં ભાજપના નેતા અરુણ જેટલી સામે પંજાબના પૂર્વ મુખ્યમંત્રી અમરિંદરસિંહ મેદાનમાં ઊતર્યા છે ત્યારે અકાલી-ભાજપ ગઠબંધનને કૉંગ્રેસ પર શીખ વિરોધી હોવાનો આરોપ મઢવાની વધુ એક તક નહીં આપવાની રાજકીય ગણતરી સાથે કેન્દ્ર સરકારે ભુલ્લરની ફાંસીની સજા જન્મટીપમાં બદલવાની સંમતિ આપી હોય એ બનવાજોગ છે. મનજિતસિંહ બિટ્ટાએ કૉંગ્રેસ પર આ મતલબનો આક્ષેપ પણ કર્યો છે. માનસિક સંતુલન ગુમાવી બેઠકેલા અને પળે પળ મૃત્યુની પીડા ભોગવી રહેલા કેદીની સજા અમલ લાંબા ગાળા સુધી રોકી રાખી એને અસહ્ય પીડા અપાઈ ચૂકી છે એમ માની લઈ એની ફાંસીની સજાને જન્મટીપમાં ફેરવવાનો સુપ્રીમનો માનવતાવાદી અભિગમ ન્યાયપાલિકાના સીમાસ્તંભરૂપ ચુકાદા તરીકે યાદગાર બની રહેશે. ભુલ્લર જન્મટીપની સજા પૂરી કર્યા પછી જેલમુક્ત થઈ શકશે.

ગાંધીનગર ટેકવોનડો સંસ્થા દ્વારા રવિવારે સે. ૧૨ રંગમંચ ખાતે એક માર્શલ આર્ટસનું નિદર્શન રાખવામાં આવ્યું હતું. જેમાં ૩ વર્ષથી લઈ ૩૫ વર્ષનાં ૧૦૨ જેટલા વિદ્યાર્થીઓએ લાઠીદાવ, સ્કેટીંગ, તલવારબાજી જેવા સ્વરક્ષણના અદ્‌ભુત પ્રયોગો બતાવ્યા હતા. શહેરમાં પ્રથમ વખત યોજાયેલ આ પ્રદર્શનીમાં આ સંસ્થાના ખેલમહાકુંભમાં વિજેતા ખેલાડીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જ્યારે ટેકવોન ડૉ ના સીનીયર એવા બ્લેકબેલ્ટ જતીન દવેએ દિલ્હી ખાતે તાજેતરમાં ૨ ડેન બ્લેક બેલ્ટ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા હતા. આ પરીક્ષા વર્લ્ડ ટેકવાનડૉ ફેડરેશન તરફથી લેવામાં આવે છે. ગ્રાન્ડ માસ્ટર શ્રી પ્રકાશ સંભવાનીના વરદહસ્તે બેલ્ટ પહેરાવી, શીલ્ડ આપી તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું. ૧૯૯૭ થી કાર્યરત આ ગાંધીનગર ટેકવૉન એશોના સમારંભને સફળ બનાવવા સીની કોચ જનક દવે અને વાઈસ પ્રેસી. અશ્વિન પટેલે જહેમત ઉઠાવી હતી. (તસવીર : કશ્યપ નીમાવત)

હરિની દૃષ્ટિ...

લિટલ સ્ટાર પ્રાથમિકશાળા વાવોલનો વાર્ષિકોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૩૧

સહીયર કેળવણી મંડળ વાવોલ સંચાલિત લિટલ સ્ટાર સ્કુલનો વાર્ષિકોત્સવ ઉજવાયો. જમાં વર્ષ દરમ્યાન સાંસ્કૃતિ, શૈક્ષણિક તેમજ રમત-ગમતની વિવિધ પ્રવૃત્તિઓ ભુલકાઓનો લેનાર ઉર્તીણ થનાર કૌશલ્યના દાખવનાર વિદ્યાર્થીઓ-ભુલકાઓનો ઈનામ, પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સહિયર કેળવણી મંડળના પ્રમુખ એમ.યાર. પટેલ, ભાવનાબેન પટેલ, ડાયરેકટર સુરેન્દ્રભાઈ ઉપાધ્યાય, દેવ ઈન્ટરનેશનલ સ્કુલના ડાયરેકટર નવીનભાઈ ઉપાધ્યાય, આચાર્યા રેણુકાબેન ઉપાધ્યાય અને પુંજાભાઈ પંડ્યા, સીમાબેન વાઘેલા, તરલભાઈએ શાળાની પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. સંચાલન શિક્ષિકા કૃષ્ણાબેન ઉપાધ્યાય અને દીપીકાબેને કર્યું હતું.

ધો. ૧૨ વિજ્ઞાનના વિષયોમાં પરિણામ વધે તેવી સંભાવના

છેલ્લા ૧૦ દિવસમાં ૫૦ ટકા ઉત્તરવહીઓની ચકાસણી કરાઈ : ગત વર્ષની તુલનામાં પરિણામ ઉંચુ જવાની વકી

અમદાવાદ, તા.૩૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષા બાદ રાજયભરના મધ્યસ્થ કેન્દ્ર ખાતે ધરાયેલી ઉત્તરવહીઓની ચકાસણીમાં છેલ્લા ૧૦ દિવસમાં જ ૫૦ ટકા જેટલી ઉત્તરવહીઓ તપાસાઈ ગઈ છે. તપાસાયેલી ઉત્તરવહીઓને જોતાં જ ગત વર્ષની સરખામણીમાં ચાલુ વર્ષે ધોરણ-૧૨ સાયન્સનું પરીણામ ઉંચું આવે તેવો વિષયના પેપરો તપાસનારા શિક્ષકોનો અભિપ્રાય છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષા ૨૪મી માર્ચના રોજ પૂર્ણ થઈ હતી. ૨૪મી માર્ચે પરીક્ષા પૂર્ણ થતાં જ તે પહેલાં પેપરો તપાસવાની કામગીરી બોર્ડ દ્વારા હાથ ધરાઈ હતી. રાજયભરમાં શરૂ થયેલા મધ્યસ્થ મુલ્યાંકન કેન્દ્રોમાં કેમેસ્ટ્રી, ફિઝીક્સ અને બાયોલોજી વિષય જેવા મુખ્ય વિષયોના પેપરો તપાસવાની કામગીરી હાથ ધરાઈ છે. રાજયમાં પાંચ શહેરોમાં શરૂ થયેલા પેપરો તપાસવાની કામગીરીમાં છેલ્લા ૧૦ દિવસમાં જ વિષય શિક્ષકોએ સાયન્સની ૧૦ લાખથી વધુની ઉત્તરવહીઓ તપાસી હતી. મુલ્યાંકન કેન્દ્રો પર પેપરો તપાસવાની કામગીરીમાં લાગેલા વિષય શિક્ષકોએ ખૂબ જ સરસ રીતે જવાબ લખ્યા છે. મોટાભાગના વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓ જોતાં અને તેમણે મેળવેલા ૯૦ ટકાથી વધુના માર્કસને જોતાં જ પરીણામ ગત વર્ષની સરખામણીમાં જ ચાલુ વર્ષે પરીણામની ટકાવારી ઉંચી રહેશે. ઉલ્લેખનીય છે કે ગત વર્ષે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે અફડાતફડીનો માહોલ જોવા મળ્યો હતો. તેમાંય સાયન્સ કોલેજોમાં તો વિદ્યાર્થીઓનો ધસારો જોવા મળતા કોલેજોને ક્ષમતા કરતા ડબલ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની ફરજ પડી હતી.

સાધના વાલીમંડળ વિશ્વ ઓટીઝમ દિવસની ઉજવણી કરશે

ગાંધીનગર, તા. ૩૧

સાધના વાલી મંડળ અને રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા માનસિક ક્ષતિગ્રસ્ત બાળકો માટે ચિત્ર સ્પર્ધા, મેડીકલ ચેક-અપ કેમ્પ અને વાલી તાલીમ યોજવામાં આવશે.

વિશ્વ ઓટીઝમ દિવસની ઉજવણીના ભાગરૂપે તા. ૨ એપ્રિલના રોજ બલરામ મંદિર, સે. ૧૨, સવારે ૮ થી ૧૦.૩૦ કલાક દરમિયાન વિવિધ કાર્યક્રમો યોજાશે. શહેરની સાધના વાલી મંડળ અને રોટરી ક્લબ દ્વારા માનસિક ક્ષતિગ્રસ્ત બાળકો માટે ચિત્ર સ્પર્ધા, બાળકોનું મેડિકલ ચેક-અપ અને વાલીઓનો તાલીમ કાર્યક્રમ યોજાશે.

કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લાની સેવાભાવી સંસ્થાઓ અને પ્રતિષ્ઠિત નાગરિકો સાથે વાર્તાલાપ કરી જરૂરી માર્ગદર્શન આપવામાં આવશે જેમાં મુખ્ય મહેમાન તરીકે પી.કે. લહેરી, નિવૃત્ત મુખ્ય સચિવ, ગુજરાત સરકાર ઉપસ્થિત રહેશે.

બીજીથી ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા શરૂ કરાશે

ધોરણ-૧૧ વિજ્ઞાનપ્રવાહની પરીક્ષા દરમિયાન પણ વિષય શિક્ષકોની તાલીમ : શિક્ષણ બોર્ડ દ્વારા કરાયેલું આયોજન

અમદાવાદ, તા.૩૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી બીજી એપ્રિલથી ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા લેવામાં આવનાર છે. આ પરીક્ષામાં પણ ધોરણ-૧૨ની જેમ જે તે વિષયની પરીક્ષાના દિવસે તે વિષયના શિક્ષકોની તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. જો કે શિક્ષકોની તાલીમના બીજા તબક્કામાં શિક્ષકો તાલીમ માટે અન્ય જિલ્લામાં જવાનું રહેશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ બોર્ડની પરીક્ષામાં વિષય શિક્ષકો દ્વારા પોતાની શાળાના અથવા સંબંધી વિદ્યાર્થીઓને પેપર લખવામાં મદદ કરી ગેરરીતી આચરતા હોવાની ફરીયાદો શિક્ષણ બોર્ડને મળી હતી. જેના પગલે ચાલુ વર્ષથી શિક્ષણ બોર્ડ દ્વારા બોર્ડની પરીક્ષા દરમિયાન જે તે વિષયનાં પેપરનાં દિવસે જ તે વિષયના શિક્ષકોની તાલીમ ગોઠવી દેવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે પ્રથમ તબક્કામાં ધોરણ-૧૨ની વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા દરમિયાન જે તે વિષયના શિક્ષકોની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. હવે બીજા તબક્કામાં બુધવારથી શરૂ થઈ રહેલ ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહના બીજા સેમેસ્ટરની પરીક્ષા દરમ્યાન પણ શિક્ષકોની બીજા તબક્કાની તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. જો કે અત્યારે કેટલાક શિક્ષકોને ઉત્તરવહી ચકાસવાના કામમાં લગાવવામાં આવેલ છે. જે શિક્ષકો અત્યારે જે જિલ્લામાં ઉત્તરવહીઓ ચકાસવા ગયેલ છે, તેજ જિલ્લામાં આવેલ જિલ્લા શિક્ષણ અને તાલીમ જીવનમાં જે તે દિવસે તાલીમ માટે હાજર રહે છે અને જે શિક્ષકોએ પોતાના જ જિલ્લામાં મુલ્યાંકનની કામગીરી કરી રહ્યા છે તેમને પોતે જ જિલ્લામાં શિક્ષણ અને તાલીમ ભવનમાં જવાનું રહેશે. ઉલ્લેખનીય છે કે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા દરમિયાન તાલીમમાં મોટાભાગના શિક્ષકો ગેરહાજર રહ્યા હોવાની ફરીયાદો બોર્ડને મળી હતી, એટલું જ નહીં કેટલીક જગ્યાએ તો તાલીમ આપનાર અધિકારીઓ ગેરહાજર રહ્યા હોવાની ફરીયાદ સામે આવી હતી.

સે. ૧૩ લિંબચ માતાજી મંદિરે નવચંડી યજ્ઞનું આયોજન

પ્રેરણા પ્રગતિ મંડળ દ્વારા ચૈત્રસુદ આઠમના દિવસે નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૭ એપ્રિલ સોમવારે સવારે ૯.૦૦ કલાકે લિંબચ માતાજી મંદિર સેક્ટર-૧૩ ખાતે યજ્ઞ કરવામાં આવશે. નવચંડી યજ્ઞનું પૂજાવિધિનો લાભ લેવા માંગતા નગરજનોએ પ્રેરણા પ્રગતિ મંડળના કાર્યાલય ખાતે સંપર્ક કરવા ભરતભાઈ સૂર્યાવાલાએ જણાવ્યું છે.

ગાંધીનગરમાં સીનીયર સીટીઝનો તો સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહ્યા છે પણ નગરનાં યુવાનો દ્વારા પણ સેવાકીય પ્રવૃત્તિઓ ચાલી રહી છે તે પ્રશંસનીય બાબત છે. શહેરની 'હેલ્પીંગ હેન્ડ' સંસ્થાના યુવાનોએ મહિનાના એક રવિવારે મગોડી વૃધ્ધાશ્રમ ખાતે ઘઉં, ચોખા, દાળ, તેલનાં ડબ્બા આપી સેવાનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડયું છે. સવારે આ યુવાઓએ આ વૃધ્ધો સાથે દિવસ દરમિયાન સાથે રહી એક પારીવારિક વાતાવરણ ઉભું કરવાનું પ્રયત્ન કર્યો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

વહુએ સાસુના જીવનભર ઋણી રહેવું જોઈએ

સમાજ ચિંતન
- પોપટલાલ પ્રજાપતિ

ગાંધીનગરમાં બે વર્ષ પહેલાં એક સંસ્થા દ્વારા સુંદર પરિસંવાદ યોજાયો હતો. વિષય હતો 'સાસુ મારી મા અને વહુ મારી દીકરી' સમયને અનુરૂપ અને ઘર ઘરની સમસ્યાને ઉજાગર કરવાનો આ એક સ્તુત્ય પ્રયાસ હતો. સાસુ વહુના લાગણીભીના સંબંધો અને સંબંધોની મીઠાશના જુદા જુદા વકતાઓ દ્વારા ખુબ સુંદર રીતે અલંકારિક શબ્દોના માધ્યમથી ભારેખમ મંતવ્યો વ્યકત થયા. રજૂ થતાં મંતવ્યોમાં ક્યાંક હૃદયનું ઉંડાણ તો ક્યાંક આદર્શવાદના લપેડા હતા. વર્તમાન સમયમાં આવી જાહેર ચર્ચા દ્વારા કોઈને પ્રેરણા મળે અને જીવનમાં પરિવર્તન આવે તો પ્રયોગ સફળ થયો ગણાય. રજૂ થયેલા પ્રત્યેક મંતવ્યોમાં એક વાતનું સામ્ય જણાયું કે પ્રત્યેક પુત્રવધુઓએ પોતાની સાસુને સ્ટેજ પર લાવી કહ્યું, આ મારી સાસુ, જે માથી પણ વિશેષ છે કોઈકે કહ્યું કે, સાસુ એટલે સાસરિયાનું સાચું સુખ. સાસુ મારી મા છે કારણ કે મારી ખૂબ કાળજી રાખે છે. ઘરમાં મારાથી વહેલા ઉઠી જાય છે ઘરનું વાસીદું જાતે જ કરી નાખે. હું ઉઠું ત્યારે ડાઈનીંગ ટેબલ પર ચા-નાસ્તો તૈયાર જ હોય. અમને તેમના હાથની રસોઈ ખૂબ સ્વાદિષ્ટ લાગે છે. કોઈ કે વળી કહ્યું કે, હું નોકરીએ જાઉં તો મારા બાળકોને સાચવવાનું કામ તે જ કરે છે. મારા દીકરીને દાદી સાથે ખૂબ ફાવી ગયું છે. કોઈકે વળી લાગણીભીનાસ્વરે કહ્યું કે, કોઈવાર હું થાકી આરામ કરતી હોઉં તો સાસુ મારે માથે હાથ ફેરવે. આવા સાસુ ભાગ્યશાળી વહુને જ મળે. મારાથી કોઈ ભુલ થાય તો પણ કદી ટોકે નહીં.

ઘર-પરિવારના સારા-માઠાં પ્રસંગોએ ક્યાંક બહાર જવાનું થાય તો વહેવાર બધા તે જ સાચવી લે. કેટલીક બહેનોએ કહ્યું કે, મારી સાસુ એ મારી મા કરતાં પણ વિશેષ પ્રેમ આપ્યો છે. જુનવાણી છે પણ મને ઘરમાં ડ્રેસ પહેરતી કરવાનો આગ્રહ તેમનો જ હતો. હું તમે ત્યાં હરુફરું કદા કોઈ રોકટોક નહીં. ઉપરની સઘળી ચર્ચાનો સાર એટલો જ કે ઘરડે ઘડપણ સાસુ આખા ઘરના ઢસરડા કરે અને વહુના માથે હાથ ફેરવે એટલે 'સાસુ મારી મા.' કોઈએ એવી દલીલ ન કરી કે મારા સારુ ઘરનું કામ કરે તો એમને કરવા ન દઉં. બા, તમે આખી જિંદગી ખૂબ ઢસરડા કર્યા છે આજે અમે સુખ ભોગવીએ છીએ તે તમારી મહેનતનું જ પરિણામ છે. હવે તમે હુકમ કરો, કામ અમારે કરવાનું. તમે દેવમંદિરે દર્શન કરો. પૂજા-પાઠ કરો, ઘરની કોઈ ચિંતા કરશો નહીં. મતલબ કે વહુઓને સાસુએ મા જેવી ત્યારે લાગે કે જ્યારે ઘરડે ઘડપણ પણ ઘરનું કામ કરવામાં મદદરૂપ થાય, એના બાળકોને સાચવે, અને કોઈ રોકટોક ન કરે. અને જમાનાની ઠોકરો ખાઈને સાસુમા એટલું તો જાણી જ ગયા છે કે જો વહુને દીકરી નહી બનાવું તો હું સ્વમાનભેર રહી શકીશ નહીં. એની વિચારધારાની આડે આવીશ તો હું કદાચ મારે અપમાનીત થવું પડશે. સાસુ ૬૦-૭૦ વર્ષની ઉંમરે ઘરના વાસીદા કરે અને વહુ જોયા કરે તેને પ્રેમથી તેમ કરવાની ના ન પાડે તોએમ ન કહી શકાય કે સાસુ એ મા બનવા પ્રયત્નશીલ છે પણ વહુ દીકરી નથી બની શકતી.

એક મહિલા સાહિત્યકારે ખૂબ સુંદર વાત કરી કે, સાસુને પાછળી ઉંમરે વટાણા ફોલવાના કે તુવેરની શીંગો જ ફોલવાની હોય છે. એને કોઈ લાઈફ જેવું તો હોય જ નહીં. તે જન્મથી દીકરી, પછી પત્ની, પછી મા, પછી સાસુ અને છેલ્લે દાદીમા. બસ તેને એક પછી એકનું આધિપત્ય જ ભોગવતા રેહવાનું? તેમાં જરાય કચાશ રહી જાય તો સહન સ્ત્રીએ જ કરવાનું? આજની વહુઓ જો સ્વતંત્રતાની માગણી કરતી હોય, આત્મસન્માનની વાત કરતી હોય તો સાસુમાની સ્વતંત્રતાનું શું? એને આત્મસન્માન કે લાગણી જેવું કંઈ જ ન હોય? આ વિધાનને સમગ્ર હોલે તાળીઓથી વધાવી લીધું.

એક બહેને વેદના વ્યકત કરી કે, હું સાસુનો પ્રેમ મેળવી શકી નથી કારણ કે , સાસુ વહેલા ગુજરી ગયા હતા. તેમની ખોટ હજુ પણ વરતાય છે. પણ આપણે સાસુઓ પ્રત્યે કોઈ અપેક્ષા રાખવી ન જોઈએ. કારણ કે, એણે પોતાની વહાલામાં વહાલી ચીજનો ત્યાગ કરી આપણને આપી દીધી છે. આ ત્યાગ એટલે જેનું જીવથી અધિક જતન કરી પાળીપોષી મોટો કર્યો એ દિકરો, આપણને પતિના રૂપમાં સમર્પિત કરી દે. આનાથી મોટો ત્યાગ બીજો કયો હોઈ શકે? આપણને પ્રમાળ પતિની ભેટ આપનાર સાસુ બીજું કઈ ન કરે તોય આપણે જીવનભર તેના ઋણી બનીને રહેવું જોઈએ. આમ વિવિધ વકતાઓએ પોતાના અનુભવો અલંકૃત કરીને તો ક્યાંક હૃદયના ભાવથી વ્યકત કર્યા. પણ જે વહુઓએ સાસુને મા બતાવી તેના કારણમાં સાસુનું ઉદાર વલણ, તેમને અપાતી સ્વતંત્રતા, કામમાં મદદરૂપ થવાની ભાવના જ કારણભૂત હોય તેમ લાગ્યું. એક પ્રાધ્યાપિકાએ ખૂબ સરસ વાત કરી કે, સાસુ પાસે કોઈ જ અપેક્ષા કેમ રાખવાની? એ તો પરીવારનો વડલો છે તેની છાયામાં આપણે વિકસવાનું છે. તે કામ કરે તો ય શું ને ન કરે તોય શું? આપણે તેની પાસેથી સતત પ્રેરણા જ લેવાની છે. આમ સમગ્ર ચર્ચા ખૂબ રસપ્રદ રહી. પણ અંતમાં એક સાસુમા એ ખૂબ સુંદર પ્રતિભાવ આપ્યો. તેમણે કહ્યું કે ઘણા આદર્શ વહુ કે આદર્શ સાસુના મેડલ મેળવવા લોકો જાહેરમાં ખૂબ સારી વાતો કરતા હોય પણ તેમના અંગત જીવનમાં ડોકીયું કરીએ તો સાસુ-વહુને બોલવાનો પણ વહેવાર નથી હોતો. જાહેરમાં સુફીયાણી વાતો કરનારના જીવન ખરેખર તેવા છે કે કેમ તે મહત્વનું છે.

સાસુ-વહુના સંબંધોની ચર્ચા વર્ષોથી ચાલી આવે છે. અને તેમના મીઠા સંબંધો કરતાં કંકાસની વાતો વધુ જાણવા મળે છે. તમે વર્તમાનમાં જે કંઈ સુખ ભોગવી રહ્યા છો તેનો પાયો નાખનાર સાસુમા છે આટલું તથ્ય સમજનારના સંસારમાં સાસુ-વહુના સંબંધો હંમેશા સુગંધિત જ રહે છે. હા, જૂની પેઢીના આગ્રહો, પૂર્વગ્રહો કે હઠાગ્રહો હોઈ શકે પણ તેઓ જે રીતે જીવ્યા છે જે સિદ્ધાંતો અને નીતિમત્તાનો તેમણે આગ્રહ રાખ્યો છે તે જોતાં વિપરીત સંજોગોમાં તેઓ અકળામણ અનુભવે તે સ્વાભાવિક છે તે તમારી કેટલી ટેવો, કુટેવો સામે આંખ આડા કાન કરે છે? દા.ત.. ઘરમાં વડીલોની લાજ કાઢવી, બધાના દેખતાં પતિનું નામ લઈને ન બોલાવાય, ઘરમાં સ્ત્રીઓએ સાડી જ પહેરાય, નાઈટ ડ્રેસ પહેરીને ઘરમાં ન ફરાય, ઘરમાં બે ટાઈમ ભગવાનના દીવા થવા જોઈએ.. આ બધી જ માન્યતાઓ પર તેણે બ્રેક મારી દીધી છે. ઘણી બધી પરંપરાઓ, માન્યતાઓ તમારા માટે પ્તેણે કયારનીય જતી કરી દીધી છે તો પછી તેના સુખ ખાતર તમારે તો કંઈક જતું કરવું જોઈએ કે નહીં? સાસુએ મા બની શકે તો વહુ પણ દીકરી બની તેની લાગણીને ઠેસ ન પહોંચે તેવું વર્તન ન કરી શકે? એવા પરીવાર ઓછા જોવા મળશે કે સાસુના કઝીયાળા સ્વભાવ સામે વહુ સમયસૂચકતા વાપરી નીભાવે જતી હોય. પણ એવી સાસુ ઘણી જગ્યાએ જોવા મળશે કે, વહુના અપમાનો, તિરસ્કાર સહન કરીને સાસુ ઘરમાં પડી રહેતી હોય.. ઘણીવાર બહારથી સુખી અને સંપન્ન દેખાતા આનંદ કિલ્લોલ કરતા પરીવારોમાં વૃદ્ધત્વ ઘરના ખૂણામાં કણસતુ હોય છે. તેની પાસે બેસી ઘડીભર સુખ-દુઃખની વાત કરવાનો કોઈને ટાઈમ નથી હોતો..એક ગર્ભશ્રીમંત પરીવાર પુત્રો, પુત્રવધુઓ, પૌત્રોથી સભર છે મા લકવાગ્રસ્ત બને છે, ત્યારે તેની સંભાળ રાખવા એક બાઈને પગારથી રાખી દેવાય છે. એક અલગ રૂમમાં તેમને રખાય છે. ઘરનું કોઈ સભ્ય લકવાગ્રસ્ત મા પાસે બેસવાની દરકાર કરતું નથી. આ મા પુત્રવધુઓને બેટા- બેટા કરી તેની સાથે વાત કરવા પ્રયત્ન કરે તો માંડ પાંચ-દશ મિનિટ સમય કાઢી વાત કરે છે... સમાજમાં એવા પરીવારો ભાગ્યશાળી હશે જ્યાં સાસુ અને મા એ સાચા અર્થમાં મા-દીકરી બનીને રહેતા હોય. એક પરીવાર એવું પણ જોવા મળ્યું કે ઘરમાં સાસુ-સસરા, ત્રણ પુત્રો, પુત્રવધુઓ બધા જ સાથે રહે. સગવડતા ખાતર સાસુએ વહુને અલગ રહેવા કહ્યું ત્યારે ત્રણે વહુઓ રડી પડેલી. 'મમ્મી' તમને મૂકીને અમે અલગ રહેવા નહીં જ જઈએ... સમાજમાં પ્રત્યેક પરીવારમાં સાસુ-વહુ સાચા અર્થમાં મા-દીકરી બનીને રહે તો પછી જગતમાં દુઃખ જ ક્યાં છે?